# ધોલીયામાં ખેડૂત પરિવારોનું ગૌચર બચાવો આંદોલન : લોકરોષથી તંત્ર ફફડ્યું

## ખાણ ખનિજ વિભાગની બેધારી નીતિ સામે પ્રચંડ રોષ







બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮ મોડાસાના ધોલીયા નજીક ધોળીડુંગરી વિસ્તારને ખનિજની લીઝ માટે અપાતાં રોષે ભરાયેલા ધોલીયાના ખેડૂત પરિવારોએ ગૌચર બચાવો આંદોલન ઉપર ઉતરી આવતાં લોકરોષથી તંત્ર ફફડ્યું છે. ખાણ ખનિજ વિભાગની બેધારી નીતિ સામે પ્રચંડ રોષ જોવા મળ્યો. આવનારા દિવસોમાં તંત્ર દ્વારા યોગ્ય હલ નહીં આવે તો આંદોલન વધુ જલદ બનવાની દહેશત છે.

અરવલ્લી જિલ્લામાં સરકારી ગૌચર જમીનો ઉપર અનેક દબાણો હોવા છતાં તંત્ર ખુલ્લાં કરાવવામાં નિષ્ફળ રહ્યું છે. ક્યાંક દબાણો હટાવ્યા પછી ફરીથી દબાણો ઉભાં થઈ ગયાં છે. ખાણ ખનિજ વિભાગ દ્વારા પૌરાણિક આસ્થાના વિસ્તારને નજર અંદાજ કરી ખનિજ કાઢવા માટે આ વિસ્તારને લીઝ ઉપર અપાતાં ધોલીયા ગામના ખેડૂત પરિવારોમાં રોષ જોવા મળ્યો. તંત્રને મૌખિક અને લેખિત રજુઆત પછી પણ કોઈ ઉકેલ ન આવતાં ગામની મહિલાઓ, પુરૂષો અને બાળકો ધોળીડુંગરી બચાવો, મંદિર બચાવો, ગામનું અસ્તિત્વ બચાવો, અત્યાચાર બંધ કરો, લીઝનું કામ બંધ કરો, ખેતર બચાવો, ગાય બચાવો..ના બેનર સાથે ધોળીડુંગરી ઉપર ચઢી ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો. જે રીતે મહિલાઓએ ગૌચર બચાવવા માટે આંદોલનનો જંગ છેડ્યો છે તે જોતાં જિલ્લા કલેક્ટરે આ બાબતે તપાસ કરી ખેડૂતો અને પશુપાલકો માટે લીઝ આપવી નુકસાનકારક હોય તો તે અંગે યોગ્ય હલ લાવવો રહ્યો અન્યથા ખેડૂત પરિવારોનું ગૌચર બચાવો આંદોલન વધુ જલદ બની શકે છે.

# કેન્દ્રમાં સહકારી પ્રવૃત્તિઓનું નવું મંત્રાલય: જિલ્લાના સહકારી આગેવાનોમાં ખુશાલી

## સહકારી સંસ્થાઓ ઉપર ગ્રામ્ય અર્થતંત્ર નિર્ભર, હવે નવી ગતિ મળશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮ ગુજરાતની સહકારી પ્રવૃત્તિઓ દેશભરમાં વખણાય છે. કેન્દ્રની ભાજપ સરકારે સહકારી પ્રવૃત્તિઓનું નવું મંત્રાલય બનાવવાનું કેબિનેટ દ્વારા નિર્ણય લીધો જેની સૌથી વધુ ખુશાલી ગુજરાત અને સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના સહકારી આગેવાનોમાં જોવા મળી. સહકારી સંસ્થાઓ ઉપર ગ્રામ્ય અર્થતંત્ર નિર્ભર છે. સહકારી પ્રવૃત્તિઓનું નવું મંત્રાલય અલગથી ઉભું થશે ત્યારે સહકારી સંસ્થાઓને પજવતા અનેક પ્રશ્નોનું કાયમી નિરાકરણ આવવાની સંભાવના છે.

સમગ્ર દેશમાં ગુજરાતની સહકારી સંસ્થાઓના ડંકા વાગી રહ્યા છે. દૂધ ઉત્પાદન ક્ષેત્રે રાજયના ૭ સંઘોનું યોગદાન ક્યારેય પણ ભૂલાવવું ન જોઈએ અને તેમાં સહકારી સંસ્થાનો પાયો નાખનારા સહકારી આગેવાનોનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો. ઉત્તર ગુજરાતના સાબરકાંઠાની સાબરડેરી, મહેસાણાની દૂધસાગર ડેરી, બનાસકાંઠાની બનાસ ડેરીમાં પશુપાલકો કરોડો લીટર દૂધ મંડળીઓમાં ભરે છે અને દર ૧૦ દિવસે તેમને મળતા દૂધના પૈસામાંથી પરિવારનું ગુજરાન ચલાવે છે. દૂધ સંઘોની પશુપાલકોને મદદરૂપ થવાના કારણે પશુપાલકો દર મહિને લાખો રૂપિયાનું દૂધ મંડળીમાં ભરી આર્થિક રીતે પગભર બન્યા છે. મહિલાઓએ પશુપાલન ક્ષેત્રે આગવી નામના મેળવી છે. ટૂંકમાં ઉત્તર ગુજરાત અને સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સહકારી પ્રવૃત્તિઓ વધુ વેગવંતી બની છે. આ સંજોગોમાં કેન્દ્રમાં સહકારી પ્રવૃત્તિઓનું મંત્રાલય બનાવવાના નિર્ણયથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૬૦૦૦થી વધુ નાની-મોટી સહકારી સંસ્થાઓને તેનો સીધો ફાયદો થઈ શકે છે.

### સહકારી પ્રવૃત્તિના નવા મંત્રાલયથી ગુજરાતને ફાયદો, નિવૃત્ત ઓડીટર



બાયડ : નિવૃત્ત સરકારી ઓડીટર, અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન કારોબારી સભ્ય મણીભાઈ આર. પંચાલે જણાવ્યું કે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્ર સરકારમાં સહકારી પ્રવૃત્તિઓનું નવું મંત્રાલય બનાવવાનો કેબિનેટમાં નિર્ણય કર્યો છે તે ખુબ આવકાર દાયક છે તેના કારણે ગુજરાતના સહકારી માળખાને નજીકના ભવિષ્યમાં મોટો ફાયદો થઈ શકે છે.

# અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રભારી જયશ્રીબેન દેસાઈનું સન્માન


## બાયડમાં આંબલિયારા પરગણા રબારી સમાજ દ્વારા બહુમાન કરાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮ ભાજપ પ્રદેશ મંત્રી અને અરવલ્લી જિલ્લા સંગઠન પ્રભારી કુ.જયશ્રીબેન દેસાઈનું આંબલિયારા પરગણા રબારી સમાજ દ્વારા બાયડ ખાતે તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. તેઓએ ઉપસ્થિત સમાજના આગેવાનોને સમાજમાં શિક્ષણનો વ્યાપ વધારવા અને સકારાત્મક કામગીરીમાં યુવાનો વધુમાં વધુ જોડાય તે માટે અનુરોધ કર્યો હતો.



વર્ષ-૨૦૨૨માં યોજાનારી વિધાનસભાની સામાન્ય ચૂંટણીનો અરવલ્લી જિલ્લામાં ભાજપનો તમામ ૩ બેઠકો ઉપર ભગવો લહેરાય તે માટે સરકારની યોજનાઓનો લાભ છેવાડાના માનવીને મળે તે જોવા માટે ભાજપના કાર્યકરોને સંગઠન દ્વારા તાકીદ કરવામાં આવી છે. દરરોજ જિલ્લા સંગઠન પ્રભારી અને સહપ્રભારી તેમજ જિલ્લા સંગઠન પ્રમુખ દ્વારા વિવિધ વિસ્તારોના પ્રવાસ શરૂ થયા છે. ગત રોજ જિલ્લા સંગઠન પ્રભારી કુ.જયશ્રીબેન દેસાઈ બાયડની મુલાકાતે હતા ત્યારે આંબલિયારા પરગણા રબારી સમાજ દ્વારા તેમનું બહુમાન કરવામાં આવ્યું. આકરૂન્દ જિલ્લા પંચાયત સદસ્ય કાળીબેન કાળાભાઈ રબારી, પૂર્વ આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર ઈશ્વરભાઈ રબારી, ધનજીભાઈ દેસાઈ, કાળાભાઈ રબારી તેમજ રામજીભાઈ દેસાઈ વગેરેએ ભાજપ પ્રદેશ મંત્રીનું પુષ્પગુચ્છ આપી બહુમાન કર્યું હતું.

# હિંમતનગરવાસી આનંદો : રાજસ્થાનની 'સદાબહાર' કેરી બારેમાસ ખાવા મળી શકે છે, નવી જાતની કેરીનું વાવેતર



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮ ઉનાળામાં કેરી ખાવા મળે છે. કેરીના શોખીનો બારેમાસ કેરી ખાવા મળે તો કેવું..?? તેવું વિચારતા હોય છે પરંતુ હવે આ બાબત વાસ્તવિક બનવા તરફ જઈ રહી છે. રાજસ્થાનની સદાબહાર નામે ઓળખાની કેરી મીઠી અને આરોગ્યપ્રદ હોવાનો રિપોર્ટ મળ્યો છે અને તેનું વાવેતર હિંમતનગરમાં થયું છે. હિંમતનગર સહિત રાજયના ૫ જિલ્લામાં ખેડૂતોએ વાવેતર કરતાં આવનારા દિવસોમાં હિંમતનગર વાસીઓ બારેમાસ કેરી ખાતા જોવા મળે તો નવાઈ પામશો નહીં.

રાજ્ય અને કેન્દ્ર સરકારે ખાસ કરીને કૃષિ ક્ષેત્રે અનેક સંશોધનો ઉપર ધ્યાન કેન્દ્રીત કર્યું છે. ખેડૂત ઓછા ખર્ચે વધુ પાક ઉપજ મેળવે, ખેડૂત કેવી રીતે વધુ સમૃદ્ધ બને તેના પ્રયાસો ક્યારનાય શરૂ થાય છે પરંતુ હવે આવનારા વર્ષોમાં તેનાં પરિણામ મળી શકે છે. દર વર્ષે ઉનાળા દરમ્યાન દોઢ થી બે મહિના સુધી કેરી ખાવા મળે છે. આ વર્ષે તાઉતે વાવાઝોડાના કારણે કેરીના પાકને કરોડોનું નુક્સાન થયું પરંતુ પ્રજાએ પેટ ભરીને કેરીનો સ્વાદ માણ્યો છે. દર વર્ષે બાગાયતી ખેતી ક્ષેત્રે સંશોધન કરનારા ખેડૂતોનું સન્માન થાય છે. રાજસ્થાનના ગીરધરપુરના ખેડૂતે છેલ્લા ૧૫ વર્ષ સુધી સંશોધન કરી આંબો વિકસાવ્યો છે જેની કેરી બારે મહિના મળી શકે. કદાચ કોઈ માનશે નહીં પરંતુ આવનારા દિવસોમાં તો જોવા મળશે. ખેડૂતના દાવા પ્રમાણે કલમને ગરમી-ઠંડી કે મોસમની કોઈ આડઅસર થતી નથી. રાજયના ૫ જિલ્લામાં હજારો રોપા આપવામાં આવ્યા છે અને નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશને તેને માન્યતા આપી છે. આંબાનું કદ નાનું હોવાથી વામન નામથી પણ ઓળખાય છે અત્યારે તો માત્ર ૧૧ ધોરણ ભણેલા રાજસ્થાનના ખેડૂતની આ સિદ્ધિને દેશભરના ખેડૂતો બિરદાવી રહ્યા છે.

### સાબરકાંઠામાં આધુનિક ઢબની ખેતીમાં ખેડૂતોને વધુ રસ

બાયડ : સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી પરંપરાગત ખેતી કરનારા ખેડૂતોને હવે આધુનિક ઢબની ખેતીમાં વધુ રસ જાગ્યો છે. પ્રગતિશીલ ખેડૂતો ખેતી ક્ષેત્રે નવા સંશોધનો કરી કમાલ બતાવી છે. હિંમતનગર તાલુકાના રૂપાલકંપાના ખેડૂત ચંદ્રકાન્ત પટેલે ઈઝરાયેલ ટેકનોલોજીથી હળદરની ખેતી કરી અન્ય ખેડૂતો માટે ખેતીના નવા દ્વાર ખોલ્યા છે. સામાન્ય રીતે હળદરનો પાક ખુલ્લી જમીનમાં થતો ન હોવાથી ખેડૂત દ્વારા નેટહાઉસમાં હળદરની ખેતીનો પ્રયોગ કરવામાં આવ્યો છે. જેમાં એક એકર જમીનમાં ૫૦૦ થી ૮૦૦ ટન સુધીનું ઉત્પાદન થવાની ધારણા છે.

# ભિલોડામાં અસહ્ય મોંઘવારી સંદર્ભે કોંગ્રેસની વિરોધ પ્રદર્શન રેલી

## કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરોની પોલીસ દ્વારા અટકાયત કરાઈ

ભિલોડા, તા.૮ ગુજરાત રાજયમાં પ્રજાજનોનો વિશ્વાસ ગુમાવી બેઠેલી કોંગ્રેસ અસહ્ય મોંઘવારી સંદર્ભે વિરોધ પ્રદર્શન કરીને પ્રજાજનોનો વિશ્વાસ પ્રાપ્ત કરવા માટે બુલંદ અવાજ ઉઠાવ્યો છે. પેટ્રોલ, ડીઝલ, એલ.પી.જી., સી.એન.જી. ગેસ, કરીયાણું સહિત વિવિધ ચીજ વસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે. મોંઘવારીના વિરોધમાં કોંગ્રેસ દ્વારાજન આંદોલન થઈ રહ્યું છે. અસહ્ય ભાવ વધારો પરત ખેંચવા પ્રબળ માંગ કરાઈ છે. ભિલોડા-મેઘરજ ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારા, અરવલ્લી જીલ્લા પંચાયત પુર્વ પ્રમુખ રાજેન્દ્રભાઈ પારઘી, વનરાજસિંહ રાઠોડ, બલભદ્રસિંહ ચંપાવત, વનરાજભાઈ ડામોર, અનિલભાઈ હડુલા, જયેશભાઈ પરમાર, કાંતીભાઈ ખરાડી, ધાર્મિકભાઈ ચૌધરી સહિત કોંગ્રેસના હોદ્દેદારો,કાર્યકરોએ મોંઘવારી સંદર્ભે વિરોધ દર્શાવ્યો હતો.



ભિલોડા તાલુકા મથક ખાતે મોંઘવારી સંદર્ભે કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન રેલી યોજાઈ હતી.કોંગ્રેસના કાર્યકરોની પોલીસએ અટકાયત કરી હતી. બેનરો સાથે સુત્રોચ્ચાર કરીને કોંગ્રેસી કાર્યકરોએ વિરોધ નોંધાવ્યો હતો.મોંઘવારી કુદકે ને ભુસકે વધતાં પ્રજાજનોના હાલ બેહાલ થઈ રહ્યા છે.કોરોના કાળ દરમ્યાન ધંધા, રોજગાર, નોકરી,આર્થિક પ્રવૃત્તીઓને ગંભીર ફટકો માર્યો છે. ગરીબ અને મધ્યમવર્ગની હાલત અત્યંત કફોડી છે. કોંગ્રેસી કાર્યકરોએ જણાવ્યું હતું કે પ્રજાજનો મોંઘવારીમાં પીસાઈ રહ્યા છે. કોરોના મહામારી દરમ્યાન પ્રજાજનો આર્થિક રીતે હેરાનગતિ ભોગવી રહ્યા છે.

# બસમાં ધક્કો વાગ્યો અને મચ્યું દંગલ

## બાયડ બસ મથકમાં યુવતીએ યુવકને ચપ્પલથી ફટકાર્યો, યુવતી માનસિક અસ્વસ્થ હોવાનું તારણ..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮ બાયડ બસ મથકમાં ગુરૂવારે બસમાંથી ઉતરતાં સમયે યુવતીને ધક્કો વાગતાં તેની અદાવત રાખી યુવકને ચપ્પલ વડે ફટકારતાં દંગલ મચ્યું હતું. યુવકે છેડતી કરી હશે તેવી આશંકાએ ટોળું એકત્ર થયું પરંતુ પછી ખબર પડી કે યુવતી માનસિક અસ્વસ્થ છે. ત્યારબાદ મહિલા હોમગાર્ડની સમજાવટથી મામલો થાળે પડ્યો છે..આને કહેવાય જરૂર વગરની ઉપાધી.



જિલ્લાના બસ મથકોમાં બનતી અનેક ઘટનાઓએ કાળા માથાના માનવીને કેવું જીવન જીવવું જોઈએ તેવા બોધપાઠ આપે છે. કેટલાક કિસ્સાઓમાં વાંક ન હોય તો પણ વગર વાંકે માર ખાવો પડે, અપમાન સહન કરવું પડે. આધુનિક બસ મથકોમાં વિભાગે સારૂ કર્યું છે કે સી.સી.ટીવી કેમેરા લગાડ્યા છે જેથી કોણ ગુનેગાર, કોણ સાહુકાર તેની સમજ આવી જાય. તા.૮ જુલાઈના રોજ બાયડ બસ મથકમાંથી ઉતરેલી યુવતીએ એક યુવકને ચપ્પલ વડે ફટકારતાં બસ મથકના મુસાફરો એકત્ર થઈ ગયા. કેટલાકે તો યુવકને ફટકારવા માટે હાથ પણ દબોચ્યા પરંતુ પછી ખબર પડી કે યુવક તો બિચારો નિર્દોષ છે અજાણતાં જ બસમાંથી ઉતરતી વખતે ધક્કો વાગ્યો અને યુવતીએ ચપ્પલ કાઢી યુવકને ફટકારતાં કોણ સમજદાર તેના તર્કમાં ટોળું વધ્યું પરંતુ કોઈએ સમજાવટનો વિવેક ન દાખવ્યો આખરે મહિલા હોમગાર્ડે પોતાની ફરજના ભાગરૂપે મામલો કુનેહપૂર્વક સમેટી લીધો.

# આજે ભીલોડાના વાંકાનેરમાં સાંસદસભ્યનાં હસ્તે ૬૬,કે.વી. સબ સ્ટેશનનું લોકાર્પણ


### અરવલ્લીના મેઘરજના પંચાલ ખાતે પણ ઈ-લોકાર્પણ ૬૬,કે.વી. સબ સ્ટેશનનું લોકાર્પણ કરાશે

બાયડ તા.૮ અરવલ્લી જિલ્લાના ભીલોડાનાં વાંકાનેર તથા મેઘરજના પંચાલ ખાતે અરવલ્લીના સાંસદસભ્યશ્રી દિપસિંહ રાઠોડ ૬૬,કે.વી. સબ સ્ટેશનનું લોકાપર્ણ કરશે.

આજે તા. ૯ જુલાઈ ૨૦૨૧ શુક્રવારના સવારે ૧૦.૦૦ કલાકે અરવલ્લી જીલ્લાનાં ભીલોડાનાં વાંકાનેર તથા મેઘરજના પંચાલ ખાતે ૬૬,કે.વી. સબ સ્ટેશનનું લોકાપર્ણ કરાશે. આ કાર્યક્રમનું સમગ્ર આયોજન ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લીમીટેડ દ્વારા કરાયું છે.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે રાજયસભાના સાંસદસભ્યશ્રી શ્રીમતિ રમીલાબેન બારા ઉપસ્થિત રહેશે.

# જન્મદિને વધામણી


જૈનિલ દિલીપભાઈ પરમાર
મુનજીનામુવાડા, તા.બાયડ


ચંદ્રકાન્તભાઈ એન. શાહ
(કેશવ હોસ્પિટલ-બાયડ)
(વાણિયાનો માઢ)
બાયડ, જિ.અરવલ્લી


શ્રીમ નિકુલકુમાર પટેલ
(શ્રીજી સોસાયટી)
ધનસુરા, જિ.અરવલ્લી


ધૈર્યકુમાર આર. પટેલ(એડવોકેટ)
(રીટ્રીટ બંગલો-સહજાનંદ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી


વિશાલ એમ. ત્રિવેદી
(બિલ્ડર-મુંબઈ)
સરડોઈ, તા.મોડાસા


મેજર વિઠ્ઠલભાઈ એમ. પટેલ
(મંત્રી : આર્ટસ-કોમર્સ કોલેજ, ધનસુરા)
ધનસુરા, જિ.અરવલ્લી

# બાયડ શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ-મહામંત્રી નિમાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮ બાયડ શહેરમાં ભાજપના સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે વિવિધ મોરચાના હોદ્દેદારોની નિયુક્તિ થતાં ભાજપના કાર્યકરોમાં ખુશાલી જોવા મળી રહી છે. બાયડ શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે અતુલભાઈ બાબુભાઈ પ્રજાપતિ, મહામંત્રી વિશાલકુમાર જયંતિભાઈ પટેલની નિયુક્તિ કરાતાં બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ જી. પટેલ, બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ જે. પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ આર. પ્રજાપતિ, દંડક ભાવનાબેન એ. જોષી, બાયડ શહેર ભાજપ યુવા મોરચા પ્રમુખ તપનભાઈ એ. પટેલ સહિત ભાજપના કોર્પોરેટરો અને સંગઠન હોદ્દેદારોએ અભિનંદન પાઠવ્યા હતા.



